**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૭ ટકા

# વલાદ પાસે ગમખ્વાર અકસ્માત

## ઓવરટેક કરવા જતા ટ્રેલરથી સર્જાયેલા અકસ્માતમાં ડભોડાના એન્જીનિયરનું કરૂણ મૃત્યુ






ગાંધીનગર, તા.૨૯

નેશનલ હાઈવે નંબર-૮ ઉપર ચિલોડા નરોડા હાઈવે પર ગઈ રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડભોડા ખાતે રહેતા સિનિયર મિકેનિકલ એન્જિનિયર ગઈ રાત્રે તેમનું બાઈક લઈને નીકળ્યા હતા ત્યારે વલાદ પાસે સડસડાટ જતા ટ્રેલરે બાઈકને અડફેટે લઈ બાઈક ચાલક એન્જીનિયરને ટ્રેલરના ટાયર નીચે ચગદી નાંખતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. ડભોડા પોલીસે ટ્રેલરચાલકની સામે ગુનો દાખલ કરી એન્જિનિયરનો મૃતદેહ પીએમ કરાવી આરોપીની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

ડભોડાના લવારપુર માર્ગ પર રહેતા ૬૦ વર્ષિય મનુભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ ગઈકાલે રાત્રે ૯ વાગ્યાના અરસામાં નરોડાથી નીકળીને ડભોડા પોતાના ઘર તરફ આવવા બાઈક પર નીકળ્યા હતા. દરમિયાન વલાદ પાસે પંડિત ઢાબાની સામે પાછળથી ધસમસતી આવતી ટ્રેલરે તેમના બાઈકને અડફેટે લેતાં બાઈક સાથે તેઓ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. રસ્તા વચ્ચે પટકાયેલા મનુભાઈના માથા પરથી ટ્રેલરના ટાયર ફરી વળતા તેઓ ચગદાઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમનુ કમકમાટી ભર્યુમૃત્યુનિપજ્યુહતુ. ટ્રેલરચાલક ત્યાં ટ્રેલર મુકીને રફૂચક્કર થઈ ગયો હતો. ડભોડા પોલીસે આ મામલે ટ્રેલર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવા કવાયત શરૂ કરી છે.

# ગરીબ, પછાત અને અશિક્ષિત શ્રમિક વિસ્તારમાં વ્યસનમુકિત શિબિર યોજાઈ

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને પેરા લીગલ વોલ્યન્ટીયર્સના સંયુકત ઉપક્રમે ૨૬ જુનના રોજ વ્યસન મુકિત શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

સમગ્ર વિશ્વમાં તા. ૨૬ જુનને ડ્રગ એબ્યુઝ ડે ની ઉજવવામાં આવે છે. ગાંજો, અફીણ આલ્કોહોલ, જેવા માદક દ્રવ્યોના વ્યાપક પ્રમાણમાં થતો દુરૂપયોગ અટકાવવા અને આ પ્રકારના ઔષધોની અસરોથી નાગરીકો મુકત રહેવા પામે તેમજ સામાન્ય નાગરીકમાં તેની પુરતી જાણકારી ફેલાઈ રહે તેવા ઉમદા હેતુથી સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને પેરા લીગલ વોલ્યન્ટીયર્સના સંયુકત ઉપક્રમે તા. ૨૬ જુનના રોજ ગાંધીનગર શહેરના શ્રમિક વિસ્તારમાં વ્યસન મુકિત શિબિર યોજાઈ હતી.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આયોજીત વ્યસન મુકિત શિબિરના આયોજકો અનિલ કક્કડ અને જયરામ સોની વહેલી સવારના ૫.૩૦ કલાકે સેકટર-૬ના મેદાનમાં આવેલ શ્રમિક વિસ્તારમાં પહોંચી ગયા હતા. આસપાસ વસતા ગરીબ, નબળા, પછાત અને અશિક્ષિત નાગરીકોને એકઠા કરી પ્રાર્થના સાથે કાર્યક્રમનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે અનિલ કકકડએ દારૂ, ગાંજો, અફીણના સેવનથી શરીર ઉપર લાબા ગાળે થતી આડઅસરો, લીવર, મગજ અને હૃદયને થતા નુકશાન વિશે સવિસ્તાર માહિતી આપી હતી. વ્યસન અને નશાથી થતા આર્થિક, સામાજીક અને કૌટુંબિક નુકશાનથી હાજર નાગરીકોને ચેતવ્યા હતા.નશો એક એવો દૈત્ય છે જેનાથી કોઈ છુટકારો નથી. પહેલા માણસ નશામાં ડુબે છે પછી નશો માણસને ડુબાડે છે. નશો એક એવી તરસ છે જેનો કોઈ અંત નથી. જયારે જયરામ સોનીએ જરૂરીયાત મંદ



માટે ચાલતી સેવાકીય પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. સરકારી યોજનાઓ જેવીકે જનધન યોજના, અટલ પેન્શન યોજના, મનરેગા યોજના, મા અમૃતમ યોજનાની જાણકારી આપીને યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ નશા, વ્યસન, અન્ય કુટેવ, વગેરેથી જીવન પર્યંત દુર રહેવા દરેક ને હાથ ઉંચો કરીને શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમના અંતે દરેક નાગરીકને છાશ આપવામાં આવી હતી.

# વાવોલ એમ.બી.પટેલ હાઈસ્કૂલમાં ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના વાવોલ ખાતેની શ્રી એમ. બી. પટેલ હાઈસ્કૂલ ખાતે આજે જરૂરિયાતમંદ વર્ગના તમામ વિદ્યાર્થીઓને દાતા પ્રો. પૃથ્વીભાઈ શાહ દ્વારા તેમના સ્વર્ગસ્થ માતૃશ્રીની પુણ્ય સ્મૃતિમાં ગણવેશ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાવોલ પ્રગતિ મંડળના પ્રમુખ લેવો અને કેવી તકેદારી રાખવી તે અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પડ્યું હતું. આ પ્રસંગે વાવોલ પ્રગતિ મંડળના મંત્રીશ્રી રઘુસિંહ ગોલના હસ્તે પ્રો.પૃથ્વીભાઈ શાહનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રો. પૃથ્વીભાઈ શાહે બાળકોને પ્રેરક વાર્તા કહી જીવનમાં લક્ષ્યાંક મકકી કરી આગળ વધવા પ્રેરિત કર્યા હતા. મંડળના કારોબારી સભ્ય



તથા પૂર્વ ધારાસભ્યશ્રી પોપટલાલ પટેલ સમારંભના અધ્યક્ષ પદે અને નવા સચિવાલય ખાતેના આયુર્વેદિક મેડિકલ ઓફિસર ડો. રાકેશભાઈ ભટ્ટ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પ્રારંભ શાળાની બાળાઓએ સુંદર પ્રાર્થના તથા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમમાં પોપટલાલ પટેલે જણાવ્યુ હતું કે દીકરીઓમાં હવે શિક્ષણનો વ્યાપ વધતો જાય છે તે આનંદની વાત છે. તેમણે બાળકોને ગણવેશ સહિત સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું તેમજ દાતા પ્રો. પૃથ્વીભાઈ શાહને વર્ષોથી નિયમિત રીતે બાળકોને ગણવેશ પૂરા પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ડો. રાકેશભાઈ ભટ્ટે બાળકોને આવનાર ચોમાસાની મૌસમમાં આયુર્વેદિક દૃષ્ટિએ કેવો આહાર વિનોદસિંહ રાઠોડે બાળકોને જીવનમાં આગળ વધવા માટે રમતગમત, મનોરંજન જેવા અનેક ક્ષેત્રો છે જેમાં કારકિર્દી ઘડી શકાય છે તે અંગે માહિતગાર કર્યા હતા.

ગણવેશ વિતરણ કાર્યક્રમમાં આ ઉપરાંત મંડળના સહમંત્રી શ્રી અમરસિંહ ગોલ, ખજાનચી રમસિંહ ગોલ, આંતરિક ઓડિટર રમેશભાઈ પટેલ, હેપ્પી યૂથ કલબના પ્રમુખ સમીરભાઈ રામી, હાઈસ્કૂલના આચાર્ય બળદેવભાઈ પટેલ, પ્રાથમિક શાળાના આચાર્યા જાગૃતિબેન પટેલ તથા એસએો સોનલબા ગોલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકોને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવા વીણાબેન શ્રીમાળીએ તાલીમ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન નારાયણભાઈ ચૌધરીએ કર્યું હતું.



ગાંધીનગર જુના સચિવાલય ખાતે વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ દ્વારા કર્મયોગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ અંતર્ગત વર્ગ-૨ના અધિકારીઓ, પ્રે અને એકાઉન્ટ ઓફિસર્સને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચરેડી છાપરામાંથી ૨૦ લિટર તાડી સાથે એક ઝડપાયો

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમ દારૂ જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા સક્રિય થઈ છે ત્યારે શહેરને અડીને આવેલા સે-૨૮ પાસેના ચરેડી છાપરા ખાતેથી એક શખ્સને ગેરકાયદેસર તાડીના વેચાણ કરતા દબોચી લેવામાં આવ્યો છે. હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને મળેલી આ બાતમીના આધારે ચરેડી છાપરામાં દરોડો પાડી યુસુફસા જીવાસા ફકીર નામના શખ્સને ૨૦ લિટર ગેરકાયદેસર તાડી સાથે




પકડી પાડયો છે. તાડીનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બાયોમેડીકલ વેસ્ટના નિકાલમાં બેદરકારી અંગે સિવિલ પાસેથી પ્રદુષણ નિયંત્રણ બોર્ડે ખુલાસો માંગ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટના નિકાલમાં બેદરકારી અંગે આજે સિવિલની ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના બે સભ્યોની ટીમે મુલાકાત લીધી હતી. પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટીમ સિવિલના વિવિધ વોર્ડ તેમજ વિભાગોમાં ફરી હતી અને સ્ટાફ દ્વારા કઈ રીતે બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે તેની ચકાસણી કરી હતી. પરંતુ બોર્ડના અધિકારીઓની ટીમને બાયોમેડીકલ વેસ્ટના નિકાલ અંગે સંતોષ થયો ન હતો. જેથી સિવિલ તંત્રાને પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરીએ નોટીસ ફટકારી ખુલાસો કરવા જણાવ્યું છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટના નિકાલમાં ગંભીર બેદરકારી સામે આવી છે. બાયો મેડીકલ વેસ્ટ પર્યાવરણ અને માનવી માટે ઘાતક હોવાથી તેને વૈજ્ઞાનિક રીતે નષ્ટ કરવામાં આવે છે. બાયો મેડીકલ વેસ્ટથી પર્યાવરણને પણ ખુબ જ નુકશાન થાય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં બાયો મેડીકલ વેસ્ટ વિવિધ કલર કોડ પ્રમાણે નાંખવામાં આવે છે. થોડા સમય અગાઉ પણ બાયોમેડીકલ વેસ્ટને લઈ સિવિલમાં ફરીયાદ ઉઠવા પામી હતી. છતા પરિસ્થિતિ ઠેરની ઠેર જોવા મળતા સિવિલ તંત્રાના અધિકારીઓ પણ ધુંઆપુંઆ થઈ ઉઠયા છે. સિવિલના સ્ટાફ દ્વારા કરવામાં આવતી ગંભીર બેદરકારીને પગલે તંત્રએ પણ લાલ આંખ કરી છે. જયારે બીજી તરફ સિવિલના સુપ્રિટેન્ડન્ટ દ્વારા નર્સિંગના સુપ્રિટેન્ડન્ટને બાયો મેડીકલ વેસ્ટના યોગ્ય નિકાલ અંગે આદેશ કર્યો છે. તો ઉપરાંત બાયો મેડીકલ વેસ્ટના નિકાલ અંગે તમામ નર્સિંગ સ્ટાફને જરુરી માર્ગદર્શન આપવા પણ આદેશ કર્યો છે. બાયો મેડીકલ વેસ્ટના નિકાલને લઈ આજે સિવિલ હોસ્પિટલમાં ટીમ આવતા ભારે ચહલ પહલ જોવા મળી હતી.

# શાહીબાગમાંથી ચોરાયેલી રીક્ષા ગાંધીનગર સિવિલના પાર્કિંગમાંથી મળી

## રીક્ષા ચોર મહિના પહેલા આ રિક્ષા બિનવારસી મુકી ગયો હતો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલસીબીની ટીમે સિવિલ હોસ્પિટલના પાર્કિંગ માટે એક બિનવારસી રિક્ષા પકડી પાડી છે. આ રીક્ષા શાહીબાગ વિસ્તારમાંથી ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. અઠંગ રીક્ષા ચોર પ્રાંતિજનો શખ્સ આ રીક્ષા એક મહિના પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં બિનવારસી મૂકીને રફુચક્કર થઈ ગયો હોવાની એલસીબીને બાતમી મળી હતી. રીક્ષા રિકવર કરી એલસીબીની ટીમે રીક્ષા ચોર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી.પુરોહિત અને તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમ વાહનચોરો પકડવા સક્રિય છે ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામનો વતની સંજય જગદીશ બજાણીયા એક ચોરીની સીએનજી રીક્ષા ફેરવતો હતો અને આ રીક્ષા એક મહિના પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં બિનવારસી મુકી ફરાર થઈ ગયો હતો. હોસ્પિટલના પાર્કિંગમાં જઈ તપાસ કરતાં બિનવારસી રિક્ષા મળી આવી હતી. આ રીક્ષા રિકવર કરી રેકર્ડ પણ ખાતરી કરતાં શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. એલસીબીની ટીમે રૂપિયા ૬૦ હજારની કિંમતની ચોરીની રીક્ષા રિકવર કરી પ્રાંતિજના આ રિઢા ચોર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. આ રીક્ષાની ચોરી કરનાર સંજય બજાણીયા ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ સ્ટેશનમાં પણ વાહનચોરીના આઠ ગુનામાં પકડાયેલો હોવાનુ જાણવા મળ્યું છે.



# હેપ્પી યૂથ ક્લબ દ્વારા સોમવારથી વાવોલ ખાતે ‘‘જીવન યોગ સેમિનાર’’નું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

હેપ્પી યૂથ કલબ દ્વારા આગામી તા. ૨જી જુલાઈ સોમવારથી તા. ૧૨મી જુલાઈ ગુરુવાર સુધી દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન વાવોલમાં શ્રી એમ.બી.પટેલ હાઈસ્કૂલના પ્રાર્થના હૉલ ખાતે વિના મૂલ્યે ‘‘જીવન યોગ સેમિનાર’’નું આયોજન કરવામાં આવ્યું છે. આ ‘‘જીવન યોગ સેમિનાર’’માં ગાંધીનગરના યોગ સેવક વિરમભાઈ દ્વારા વિના મૂલ્યે યોગ નિદર્શનની સેવા પૂરી પાડવામાં આવશે.

તાજેતરમાં વિશ્વભરમાં ‘‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’’ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ગાંધીનગર શહેર પણ આ ઉજવણીમાં જોડાયું હતું. આ અંતર્ગત ગાધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છીક સંસ્થા હેપ્પી યૂથ કલબ દ્વારા વાવોલ ખાતે ‘‘જીવન યોગ સેમિનાર’’નું આયોજન કરવામાં આવ્યું છે. આ ‘‘જીવન યોગ સેમિનાર’’માં શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક તંદુરસ્તી માટે યોગ સેવક વિરમભાઈ દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ, કસરત વગેરેનું નિદર્શન કરવામાં આવશે. આ ૧૧ દિવસીય ‘‘જીવન યોગ સેમિનાર’’માં ભાગ લેવાથી આત્મ વિશ્વાસ, ધૈર્ય શકિત, સંકલ્પ શકિત, માનસિક શાંતિ, રચનાત્મક અભિગમ, શારીરીક અને આધ્યાત્મિક શકિત વગેરેમાં વધારો થઈ શકે છે તેમજ અનેક બીમારીઓ સામે રક્ષણ મળી શકે છે. નિયમિત યોગ-પ્રાણાયામ દ્વારા દમ-અસ્થમા, મેદસ્વીતા, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ-મસા, અનિંદ્રા, સાંધાનો દુખાવો વગેરે જેવા શારીરિક રોગ, હતાશા-નિરાશા-ડીપ્રેશન જેવી માનસિક બીમારીઓથી મુક્તિ મળી શકે છે.

‘‘જીવન યોગ સેમિનાર’’ દરમ્યાન યોગ-પ્રાણાયામ ઉપરાંત આયુર્વેદ જેવા ઉપયોગી વિષયો પર વિવિધ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. ‘‘જીવન યોગ સેમિનાર’’માં ભાગ લેવા હેપ્પી યૂથ કલબ દ્વારા વાવોલ તથા આસપાસના વિસ્તારની સ્વાસ્થ્યપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ‘‘જીવન યોગ સેમિનાર’’માં ભાગ લેનારને પૂરતી યોગ્ય સુવિધા પૂરી પાડી શકાય તે માટે પોતાના નામની મોબાઈલ નંબર ૯૯૨૪૪૪૬૬૪૫ પર નોંધણી કરાવવી હિતાવહ છે. દરેક યોગાર્થીએ પોતાનું પાથરણું સાથે લઈ આવવા આયોજકોએ જણાવ્યુ છે.

# એક વર્ષથી નાસતો ફરતો બુટલેગર પકડાયો

## વડસર ચોકડી પાસેથી એસઓજીની ટીમે બુટલેગરને દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે સાંતેજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં એક વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને કલોલ તાલુકાની વડસર ચોકડી પાસેથી પકડી પાડયો છે.




ગાંધીનગર એસઓજીની ટીમે તેને દબોચી લઈ તેની અટકાયત કરી સાંતેજ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની સૂચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આવા આરોપીઓની યાદી બનાવી તમને પકડી પાડવા બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન પી.એસ.આઈ બી. એમ. પટેલની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે સાંતેજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી વિજય ઉર્ફે મગો પ્રતાપજી ઉર્ફે વિદુરજી ઠાકોર વડસર ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો છે. આ બાતમીના આધારે તેમની ટીમ વડસર ચોકડી પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને તેને ચોકડી થી પસાર થતા દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આ એક વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી લઈ સાંતેજ પોલીસે તપાસ શરૂ કરી છે.

## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન કાઉન્સિલની જુન માસની માસિક બેઠક સાંજે સાડા પાંચ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી સે-૭-સી ખાતે યોજાશે.

## વાતવાતમાં

● જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગીને લઈ આજે જિલ્લા પંચાયત ખાતે શિક્ષકોના ઈન્ટરવ્યુ યોજાયા હતા.

● ઉજીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર રાજયકક્ષાના ‘પોષણ અભિયાન’ વર્કશોપને લઈ તડામાર તૈયારીમાં તંત્ર અટવાયેલું રહેવા પામ્યું હતું.

● જિલ્લાના પ્રવાસે આજે ‘હેલ્થ એન્ડ વેલનેસ’ સેન્ટર શરુ કરવાના પ્રયાસોમાં થયેલી કામગીરીનો અભ્યાસ કરવા કેન્દ્રીય ટીમ આવવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ તે કાર્યક્રમ રદ થયો હતો.

● જિલ્લામાં યોજાતા અશ્વ શો અંગે આજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે એક બેઠક મળી હતી.

● ચોમાસાની ઋતુને લઈ ગાંધીનગરમાં અર્ધો ડઝનથી વધુ કંટ્રોલ રૂમ શરુ થયા છે.

# રોટેરીયન ડૉ. જગદીશ પટેલના પિતાશ્રીનું નિધન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર રોટરી કલબના વરિષ્ઠ સભ્ય ડૉ. જગદીશભાઈ પટેલના પિતાશ્રી શામળભાઈ મોહનદાસ પટેલનું ગાંધીનગર ખાતે શુક્રવારે બપોરે નિધન થયું હતું. સાંજે સેકટર-૨૭ના નિવાસસ્થાનેથી નિકળેલી સદગતની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને નાગરિકો જોડાયા હતા.

## અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સોમેશ્વર સોસાયટી પ્લોટ નં. ૭૭૦ ખાતે રહેતા શુભદ્રાબેન મનુભાઈ વાળંદ ઉ.વ. ૬૭નું દુઃખદ અવસાન તા. ૧૭-૬-૧૮ના રોજ થયું છે. સદગતનું બેસણું તા. ૧-૭-૧૮ના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે સે-૨૭ રંગમંચ ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી અંબાલાલ ગમીરજી, ઉ.વ. ૬૫
- સ્વ. બળદેવજી વિરમજી જાદવ, ઉવ. ૬૦